**નવસારી ફૂટ ઓવરબ્રિજ યોજનાને ચાર મહિના વીતી ગયા હોવા છતાં કામનો અણસાર દેખાતો નથી**

# ફાટક બંધ, બ્રિજ નહીં, લોકોને જોખમ

**રૂપિયા** 7 કરોડના પ્રોજેક્ટની જાહેરાત બાદ પણ રેલવે એનઓસી વગર ફાઇલ અટવાઈ

**રોજિંદા** અવરજવરમાં લોકો જીવના જોખમે પાટા ક્રોસ કરવા મજબૂર




**જાહેરાત નહીં, હવે હકીકતમાં કામ શરૂ કરો**

સ્થાનિકોમાં અસંતોષ એ બાબતે છે કે એક તરફ વિકાસના દાવા કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ લોકોની સુરક્ષા સાથે જોડાયેલું કામ લાંબા સમય સુધી લટકાવવામાં આવે છે. હાલના દૃશ્યો એક વિસંગતતા દર્શાવે છે – કાગળ પર કરોડોનો બ્રિજ તૈયાર છે, પરંતુ જમીન પર લોકો આજે પણ જોખમ વચ્ચે રસ્તો શોધી રહ્યા છે. શહેરજનો હવે તંત્ર પાસે એક જ માંગ કરી રહ્યા છેઃ જાહેરાત નહીં, હવે હકીકતમાં કામ શરૂ કરો.

નવસારી : નવસારી રેલવે સ્ટેશન પાસેના જલાલપોર ફાટક પર ફૂટ ઓવરબ્રિજ બનાવવાની ધામધૂમભરી જાહેરાત બાદ પણ ચાર મહિના વીતી ગયા હોવા છતાં કામનો અણસાર પણ ન દેખાતા તંત્રની કાર્યપદ્ધતિ ફરી સવાલોના ઘેરામાં આવી છે. કરોડોના પ્રોજેક્ટની જાહેરાત થઈ, પરંતુ જમીન પર હજુ સુધી એક પણ ઈંટ મૂકાઈ નથી.

શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો નવો રેલવે ફ્લાયઓવર શરૂ થયા બાદ જૂનો ફાટક કાયમી માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. પરંતુ નજીકમાં કોઈ સુરક્ષિત વિકલ્પ ઉપલબ્ધ ન હોવાથી સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓ રોજિંદા કામકાજ માટે જીવના જોખમે રેલવે પાટા પાર કરવા મજબૂર બની રહ્યા છે. ટ્રેન આવતી-જતી હોવા છતાં લોકો દ્વારા જોખમી રીતે અવરજવર કરવામાં આવે છે.

ઓક્ટોબર 2025માં મનપા અને રેલવે અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કર્યા બાદ આશરે રૂપિયા 7 કરોડના ખર્ચે 3.5 મીટર પહોળો અને 85 મીટર લાંબો ફૂટ ઓવરબ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. સાથે જ છ મહિનામાં ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ કરી કામ શરૂ કરવાની ખાતરી પણ આપવામાં આવી હતી.


પરંતુ હાલ સ્થિતિ એ છે કે રેલવે વિભાગની અંતિમ એનઓસી હજુ સુધી પ્રાપ્ત ન થતાં સમગ્ર પ્રોજેક્ટ ફાઈલોમાં જ અટવાઈ ગયો છે. જેના કારણે શહેરજનોમાં ચર્ચા શરૂ થઈ છે કે જરૂરી મંજૂરી મેળવ્યા વગર જ જાહેરાત કરવાની ઉતાવળ કેમ કરવામાં આવી?

## કુંતામાં મોપેડની ટક્કર લાગતા રાહદારીનું મોત

વાપી : આહવા તાલુકાના જામલાપાડા અને હાલ વાપી નજીકના છીરીમાં રહેતા રીનાબેન ઉમેદભાઈ ગાવિતના દિયર રોહિત રમણભાઈ ગાવિત (ઉ.20) વાપી નજીકના કુંતા ગામમાં આવેલી ચાલીમાં રહે છે. ગત તા.25-2-26 ના રોજ રોહિત રૂમ પરથી નીકળી કંપની તરફ જઈ રહ્યો હતો તે સમયે કુંતેશ્વર મહાદેવ મંદિર તરફ જતા ત્રણ રસ્તા પર, ભેંસરોલથી કુંતા તરફ જતા મેઈન રોડ પર પાછળથી મોપેડની ટક્કર લાગતા નીચે પટકાયો હતો અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને 108 એમ્બ્યુલન્સ દ્વારા દમણની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. અકસ્માત કરનાર મોપેડ ચાલક રાજેશ હિમાંશુ દિવારી (રહે. ખારીવાડ) ને મોઢાના ભાગે ઈજા થતા તેને પણ સારવાર માટે લઈ ગયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી કેબીએસ કોલેજનું મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજીનું પરિણામ



વાપી : વાપી નજીક ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં બી.કોમ., બી.એસસી.,બી.સી.એ., બી.બી.એ., એમ.કોમ., એમ.એસસી. જેવા વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંતર્ગત લેવાયેલી બી.એસસી. મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજીના પરિણામ જાહેર થતાં કોલેજના વિદ્યાર્થીઓ બી.એસસી..સેમ.૧ માં ૭.૩૬ SGPA સાથે શેખ ઝીન્નત નજમુદીન, બી.એસસી. સેમ.૩ માં ૭.૬૪ SGPA સાથે ખાન રેહનુમા નુરૂલ્લા તથા બી.એસસી. સેમ.૫ માં ૮.૬૪ SGPA સાથે ચૌધરી સજેદાફાતીમાં કબ્બિઅબ્બાસ તેમજ PGDMLT સેમ. ૧ માં ૮.૮૫ SGPA સાથે ખાન રશ્મીન ઈબ્રાહીમે કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલો છે. કોલેજના આચાર્યા ડો.પૂનમ બી.ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### દેગામની ક્વોરીની ખાણમાં પથ્થર પડતા શ્રમજીવીનું મોત

ઘેજ : ચીખલીના દેગામ ગામે ક્વોરીની ખાણમાં કામ કરતા શ્રમજીવી યુવક પર પથ્થર પડતા સારવાર પૂર્વે જ મોત નીપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના દેગામ ગામે સાંઇ મેટલ ક્વોરીમાં કામ કરતા જગદીશ રામસિંગ રાવત (ઉ.વ-૩૦) (મૂળ રહે.સીમલી કમ્પા ગામ તા.ધસુરા જી.મોડાસા) જે શુક્રવારની સવારના સાડા દસેક વાગ્યાના સમય દરમ્યાન ડ્રિલીંગ મશીનથી પથ્થરમાં ડ્રિલીંગ કરતો હતો. તે વખતે ક્વોરીની ખાણની ઉપરથી ઘડીના પથ્થર અચાનક પડતા માથાના ભાગે ગંભીર ઇજા થતાં જગદીશ રાવતને સારવાર અર્થે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની ફરિયાદ અશોક રામસિંગ રાવત (ઉ.વ-૨૮)એ કરતા વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

### મિલકતની અદાવતમાં ઉમરગામમાં મોટાભાઈએ ભાઈ-ભાભીને માર માર્યો

ઉમરગામ : મિલકતની અદાવતમાં ઉમરગામના કરમબેલીમાં મોટાભાઈએ નાના સગાભાઈ અને તેની પત્નીને માર માર્યો હોવાના બનાવની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ઉમરગામ તાલુકાના કરમબેલી કેરાવાળ ફળિયામાં રહેતા ફરિયાદી હેતલભાઇ સુમાનભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે મિલકતના ઝઘડાની અદાવતમાં તારીખ 27 ના શુક્રવારે 10:20 કલાકના સુમારે તેનો મોટાભાઈ તુષાર સુમાનભાઈ પટેલે કરમબેલી પરેટી ફળિયા નવા બનાવેલા રેલવે બ્રિજ પાસે કાર લઈને આવી તેઓને રસ્તામાં રોકી તેને તથા તેની પત્નીને ગાળો આપી માર માર્યો હતો. જેને પગલે પત્નીને ડાબા પગમાં ફેક્ચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટરમાં HPV રસીકરણ કેમ્પ



બીલીમોરા : કિશોરીઓમાં વધતા સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ આપવા સરકારના આરોગ્ય અભિયાન હેઠળ બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે શનિવારે HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ કેમ્પ યોજાયો હતો. આ ઝુંબેશ અંતર્ગત ૧૪ વર્ષની કિશોરીઓને સુરક્ષા કવચરૂપ HPV રસી આપવામાં આવી હતી. આગામી સમયમાં શાળામાં ભણતી તેમજ શાળાએ ન જતી તમામ કિશોરીઓને આવરી લેવાશે. કાર્યક્રમ દરમિયાન કેન્સર અંગે જાગૃતિ ફેલાવતાં તબીબોએ સમયસર રસીકરણ અને નિયમિત આરોગ્ય તપાસનું મહત્વ સમજાવ્યું હતું. અંતે ડો. રાજેન્દ્ર ગઢવીએ સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. બીલીમોરા પાલિકા પ્રમુખ મનિષ પટેલ, સુમિત્રા પટેલ, નિરવ ટેલર, મનીષ દેસાઈ, ભરત પટેલ, ઉર્વશી પાટીલ, વિપુલા મિસ્ત્રી, સુચેતા દુશાને, રીટા ઇંટવાલા, નરેશ પટેલ સહિત પદાધિકારીઓ હાજર રહ્યા હતા. અર્બન હેલ્થ સેન્ટરના ડો. રાજેન્દ્ર ગઢવી, ડો. ભૂમિ અને તાલુકા હેલ્થ વર્કર શિલ્પાબેન સહિત આરોગ્યકર્મીઓએ સેવાઓ આપી હતી.

### નવસારી રૂરલ પોલીસનો ત્રણ વર્ષથી ફરાર આરોપી નામ બદલીને નેત્રંગમાં રહેતો હતો

નવસારી : નવસારી જિલ્લા SOGએ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરી ત્રણ વર્ષથી ફરાર છેતરપિંડીના આરોપીને ઝડપી પાડ્યો હતો. મળતી માહિતી મુજબ SOGના પો.ઈન્સ્પેક્ટર પી.વી. ચિત્તેના માર્ગદર્શન હેઠળ ટીમે માનવ સૂત્રોના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન માહિતી મળી કે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરાર આરોપી પોતાનું નામ બદલીને નેત્રંગ ખાતે રહેતો હતો. માહિતીના આધારે SOGની ટીમે નેત્રંગ હાઈસ્કૂલ ત્રણ રસ્તા નજીક નવી વસાહત વિસ્તારમાં દરોડો પાડી આરોપી નિલેશ ઉર્ફે રામુભાઈ કરશનભાઈ ગુજરાતી (મૂળ વતન: સમઢીયાળા, તા. ગારિયાધાર, જી. ભાવનગર)ને ઝડપી પાડ્યો હતો. આરોપી ‘ઘનશ્યામ પટેલ’ નામથી ઓળખ છુપાવીને રહેતો હતો. પકડાયેલા આરોપીને કાયદેસરની કાર્યવાહી માટે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**સમયસર વેરો નહીં ભરો તો ભવિષ્યની તમામ ટેક્સ છૂટમાંથી વંચિત રહેશો**

# નવસારીમાં ‘નો ટેક્સ, નો રિબેટ’

**૩૧** માર્ચ બાદ બાકીદારો સામે સીલ, પાણી-વીજ કપાત જેવી કડક કાર્યવાહી

**છેલ્લી** ઘડીની દોડધામ ટાળવા રજાના દિવસે પણ પાલિકાની કચેરીઓ ખુલ્લી



નવસારી : નવસારી મહાનગરપાલિકાએ બાકી મિલકત વેરા મામલે હવે કડક વલણ અપનાવ્યું છે. પાલિકા તંત્રએ જાહેર કર્યું છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬નો મિલકત વેરો જો તા.૩૧ માર્ચ ૨૦૨૬ સુધી ભરવામાં નહીં આવે તો બાકીદાર મિલકતધારકોને ભવિષ્યમાં આપવામાં આવતી કોઈપણ ટેક્સ રિબેટ યોજનાનો લાભ આપવામાં નહીં આવે. સાથે જ વેરા વિભાગની આવનારી રાહતો અને સુવિધાઓમાંથી પણ વંચિત રાખવામાં આવી શકે છે.

શહેરના જે નાગરિકોનો કરન્ટ અથવા એરિયર વેરો બાકી છે, તેમને તાત્કાલિક ચુકવણી કરવા પાલિકા તંત્રએ અપીલ કરી છે. મુખ્ય કચેરી તેમજ તમામ ઝોનલ કચેરીઓ ખાતે વેરો સ્વીકારવામાં આવી રહ્યો છે. નાગરિકોની સુવિધા માટે શનિવાર અને રવિવારના સત્તાવાર રજાના દિવસોમાં પણ વેરા વિભાગ કાર્યરત રાખવામાં આવ્યો છે.

પાલિકાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે સમયમર્યાદા બાદ બાકીદારો સામે મિલકત સીલ કરવી, પાણીના નળ કનેક્શન બંધ કરવું અને વીજ પુરવઠો કપાવી દેવા જેવી આકરાં પગલાં લેવામાં આવશે.

# ભૌતિક વિજ્ઞાનના કેટલાક પ્રશ્નોએ વિદ્યાર્થીઓની કસોટી લીધી

**નવસારી** બોર્ડ પરીક્ષામાં રાહતનો માહોલ, પેપરો સરળ

**વલસાડ જિલ્લામાં ધો.10 વિજ્ઞાન વિષયમાં 612 વિદ્યાર્થીઓ ગેરહાજર**

વલસાડ : ગુરુવારથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષાઓ અંતર્ગત શનિવારે એસ.એસ. સી.ના વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાઈ હતી. જેમાં વલસાડ જિલ્લામાં વાપી ઝોનમાં નોંધાયેલા 12991 વિદ્યાર્થીઓ પૈકી 12706 હાજર અને 285 ગેરહાજર નોંધાયા હતાં. જ્યારે વલસાડ ઝોનમાં નોંધાયેલા 13775 વિદ્યાર્થીઓ પૈકી 13448 હાજર અને 327 ગેરહાજર નોંધાયા હતાં. આમ વલસાડ અને વાપી ઝોન મળી કુલ 612 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતાં. જિલ્લા શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર પરીક્ષા દરમિયાન ગેરરીતિનો કોઈ બનાવ નોંધાયો ન હતો.

નવસારી : નવસારી જિલ્લામાં ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષાઓના મોટાભાગના વિષયોના પેપરો સરળ આવતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ધોરણ 10ના વિજ્ઞાન વિષયનું પેપર થોડું લાંબું હોવા છતાં પ્રશ્નો સરળ હોવાથી વિદ્યાર્થીઓ સમયસર જવાબ આપી શક્યા હતા. જિલ્લામાં નોંધાયેલા 18,608 વિદ્યાર્થીઓમાંથી 18,194 હાજર રહ્યા હતા, જ્યારે 414 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનું પેપર સામાન્ય રીતે સરળ રહ્યું, પરંતુ એ સેક્શનમાં કેટલાક MCQ પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે થોડા મુશ્કેલ રહ્યા હતા અને બી સેક્શનમાં વર્ણનાત્મક પ્રશ્નો લખવામાં વધુ સમય લાગ્યો હતો. ભક્તાશ્રમ શાળાની શિક્ષિકા નિશા નાયકના જણાવ્યા મુજબ, પાઠ્યપુસ્તકનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે પેપર સરળ રહ્યું, જ્યારે અન્ય વિદ્યાર્થીઓને થોડું પડકારજનક લાગ્યું હતુ.

શિક્ષણ વિભાગના આંકડા મુજબ, વિજ્ઞાન પ્રવાહમાં નોંધાયેલા 4,987માંથી 44 અને કોમર્સ પ્રવાહમાં 3,941માંથી 16 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ કુલ મળીને ધોરણ 12માં 60 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી નહોતી. કોમર્સમાં વાણિજ્ય વ્યવસ્થા વિષયનું પેપર પણ સરળ આવતા વિદ્યાર્થીઓમાં સંતોષનો માહોલ રહ્યો હતો. હવે વિદ્યાર્થીઓ આગામી પેપર માટે આત્મવિશ્વાસ સાથે તૈયારીમાં લાગી ગયા છે.



# વાપી મનપાની ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે

**વાપી** શહેર કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે મહેશ સેવંતીલાલ શાહની વરણી કરવામાં આવી

વાપી : વાપી મહાનગરપાલિકાના આગામી ચૂંટણી કોંગ્રેસ એકલા હાથે લડશે તેમજ કોઈ પક્ષ સાથે ગઠબંધન નહીં કરે તેવી જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી જાહેર થાય એ પહેલાં લોકો પ્રશ્નો ઉઠાવવામાં આવશે. તેમજ મહાપાલિકાની તમામ બેઠકો ઉપર કોંગ્રેસ તેના ઉમેદવાર ઉભા રાખશે. શનિવારે શહેર કોંગ્રેસ કાર્યાલયમાં પત્રકાર પરિષદ યોજીને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલ દ્વારા શહેર કોંગ્રેસના નવા પ્રમુખ મહેશ શાહને નિમણૂક પત્ર એનાયત કરાયો હતો.

વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈએ જણાવ્યું હતું કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી માટે કોંગ્રેસની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેમજ વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે પણ તૈયારી શરૂ કરી છે.

નવા શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશ સેવંતીલાલ શાહે જણાવ્યું કે કોંગ્રેસનું વાપીમાં સંગઠન મજબૂત કરવું એ મારી પ્રાથમિકતા રહેશે. 11 ગામ સહિત મહાપાલિકાના આખા વિસ્તારમાં કોંગ્રેસના કાર્યકરોને સક્રિય કરાશે. લોકોના પાણી, રસ્તા સફાઈ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવશે. લોકોના પ્રશ્નો માટે અધિકારીઓ સુધી જઈને કોંગ્રેસ લડત આપશે. વાપી મનપાની ચૂંટણીમાં તમામ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી લડશે. કોઈ પાર્ટી સાથે ગઠબંધન નહીં કરાશે. વાપી શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ નિમેષ વશી ઉપસ્થિત રહ્યા હતા. વાપી પાલિકામાં વિરોધપક્ષના નેતા રહેલા ખંડુભાઈ પટેલ,વાપી કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પીરુ મકરાણી સહિત કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.

## ‘ડાંગ દરબાર’ મેળાને સાંપડી રહ્યો છે અભૂતપૂર્વ પ્રતિસાદ



ગીરીશ ભોયે

સાપુતારા : ‘ડાંગ દરબાર’ના ભાતિગળ લોકમેળામાં આ વર્ષે અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી રહ્યો છે. કલેક્ટર શાલિની દુહાનના માર્ગદર્શનને કારણે આ ઐતિહાસિક લોકમેળો મુલાકાતીઓ માટે યાદગાર બની રહ્યો છે. આહવા ખાતે યોજાઈ રહેલા આ મેળામાં માત્ર ડાંગ જ નહીં, પરંતુ પાડોશી જિલ્લાઓ નવસારી, તાપી, વલસાડ તેમજ સરહદી રાજ્ય મહારાષ્ટ્રમાંથી પણ હજારોની સંખ્યામાં મેળાર્થીઓ મેળે મ્હાલવા ઉમટી રહ્યા છે. ડાંગની પ્રકૃતિ અને સંસ્કૃતિને માણવા માટે લોકોમાં ભારે ઉત્સાહ સાથે આકર્ષણ જોવા મળી રહ્યું છે. મેળામાં આવતા દરેક નાગરિકની સુરક્ષા અને સુવિધા જિલ્લા વહીવટી તંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. મુલાકાતીઓ માટે પીવાનું પાણી, પાર્કિંગ, સિનિટેશન વ્યવસ્થા રોજેરોજ સાફ સફાઈ, ટ્રાફિક નિયમન અને આરોગ્ય જેવી પાયાની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી સર્વેલન્સ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી છે. મેળામાં ૯૫૦ થી વધુ નાના-મોટા વેપારીઓને પ્લોટની ફાળવણી, તેમજ સ્ત્રી મહિલાઓને આર્થિક રીતના પગભર કરવાં ૪૫ જેટલાં પ્રાકૃતિક પેદાશના સખી મંડળના સ્ટોલ ઉભા કરવામાં આવ્યાં છે. ઉપરાંત બાળકો અને મોટેરાઓ માટે અદ્યતન મનોરંજક રાઈડ્સ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. મોટી સંખ્યામાં કલાપ્રેમી જનતા આ સાંસ્કૃતિક કાર્યક્રમોને નિહાળી ડાંગના વારસાનો અનહદ આનંદ માણી રહી છે.

## હોળી-ધુળેટી પર્વે પારડીમાં અવનવી પિચકારીઓ સાથે હર્બલ, છુમંતર કલર બજારમાં આવ્યા

પારડી : હોળી-ધુળેટી પર્વના 2 દિવસ બાકી રહ્યા છે, ત્યારે પારડી બજારમાં અવનવી ડિઝાઈનમાં પિચકારીઓ અને હર્બલ કલર, છુમંતર કલર આવી ગયા છે. હોળી-ધુળેટી પર્વ નાનાથી લઈ મોટેરાઓ ઉજવણી કરતા જોવા મળે છે. આ વર્ષે હોલિકાના એક દિવસ બાદ ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવશે. પારડી બજારમાં હોળી પૂર્વ દિવસે ગ્રાહકી જોવા મળશે હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. પારડીના વેપારી અમિત રાણાએ જણાવ્યું હતું કે, આ વર્ષે નવો છુમંતર કલર માર્કેટમાં આવ્યો છે. જે કલર લગાવ્યા બાદ 30 મિનિટમાં આપોઆપ ગાયબ થઈ જાય છે. નાના બાળકો માટે બલૂન, વોટર ટેન્ક, પિસ્તોલ, રંગબેરંગી પિચકારીઓ જોવા મળી છે.

# નવસારીમાં HPV રસીકરણનો પ્રારંભ

**શાળાએ** જતી અને શાળા બહારની તમામ કિશોરીઓને મળશે વન-ટાઈમ રસી



નવસારી : નવસારી જિલ્લામાં 14 વર્ષની કિશોરીઓને ગર્ભાશયના મુખના કેન્સર સામે સુરક્ષા આપવા માટે રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાન તા.28 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ જિલ્લામાં કુલ 9,945 કિશોરીઓને આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. જિલ્લામાં આ અભિયાન આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના સંકલનથી અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. શાળામાં અભ્યાસ કરતી તેમજ શાળા બહાર રહેલી તમામ 14 વર્ષની કિશોરીઓને આ રસી એક વખત આપવામાં આવશે. HPV રસી જિલ્લાનાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો તથા જિલ્લા હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ રહેશે. ઉપરાંત, નિર્ધારિત માર્ગદર્શિકા મુજબ શાળાઓ મારફતે પણ રસીકરણ કામગીરી હાથ ધરવામાં આવશે. નવસારી જિલ્લા તંત્ર દ્વારા વાલીઓ, શિક્ષકો અને સમાજના આગેવાનોને આ મહત્વપૂર્ણ આરોગ્ય અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે, જેથી જિલ્લાના તમામ કિશોરીઓને સમયસર રસી આપી ભવિષ્યમાં ગંભીર બીમારીથી સુરક્ષિત બનાવી શકાય.

## લવાછાથી વાહનમાં ગુપ્તી લઈને ફરનાર ઈસમ ઝડપાયો

વાપી : વાપી ડુંગરા પોલીસે વાહનમાં ગુપ્તી લઈને ફરનાર ઈસમ સામે જાહેરનામા ભંગ બદલનો ગુનો નોંધ્યો હતો. તહેવારોને ધ્યાને રાખી શાંતિ-સલામતિ જળવાઈ રહે તે હેતુથી જાહેરનામુ બહાર પાડવામાં આવેલુ છે. જેનું પાલન કરવા માટે પોલીસે વાહન ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં એક ફોર વ્હીલર વાહનને અટકાવી તપાસ કરતાં ડ્રાઈવર સીટની બાજુમાંથી અઢી ફૂટ લાકડાની બનાવટના લેધરના કવરમાં રાખેલી ગુપ્તી મળી આવી હતી. જેથી પોલીસે વાહનચાલક મનોજકુમાર જીવનરામ શર્મા (ઉ.48, રહે. લવાછા, અંબિકા પાર્ક, વાપી)સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

## વાપી વૈશાલી ઓવરબ્રિજ પર ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રાફિક વ્યવહાર ખોરવાયો

વાપી : વાપી વૈશાલી ને.હા. નં.48ના ઓવરબ્રિજ ઉપર પસાર થઈ રહેલા ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતનું કારણ આગળ કોઈ એક વાહને અચાનક બ્રેક મારી હતી જેને પગલે ત્રણ વાહનો આગળ-પાછળ ટકરાઈ ગયા હતાં. અકસ્માતને પગલે વાહનચાલકોમાં બોલાચાલી થઈ હતી જેને લઈ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી. અકસ્માતમાં એક મહિલાને ઈજા પહોંચી હતી જેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.


## એ.સી.બી.ના ગુનામાં નિર્દોષ જાહેર

તા.૨૭-૦૨-૨૦૨૬ ના રોજ મહેરબાન વલસાડના પ્રિન્સિપાલ અને ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી ગયેલ સ્પે.એ.સી.બી.કે.નં.૦૨/૨૦૧૨ અન્વયે એડવોકેટ સલીમ લોહિયાની તર્કસંગત અને તથ્યગત પ્રભાવી દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી શ્રી સતીશ પટેલ, નાયબ કલેકટરશ્રીને Prevention of Corruption Act-1988 ની સેકશન ૭,૧૩ (૧) (ઘ), ૧૩(૨) ના ગુનામાં સંપૂર્ણ નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : વલસાડ,
તા.૨૭-૦૨-૨૦૨૬

એડવોકેટ સલીમ લોહિયા
૨૦૫/૨૦૬, ઓમ કોમ્પલેક્ષ,ભરૂચ.
મો.નં.૯૨૪૯૧૫૪૮૨